**જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત..**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૫/૨૦૧૨.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૩-૦૫-૨૦૧૨નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૪) એન.સી.ટી.ઇ.નું તા.૨૩-૮-૨૦૧૧ તથા તા.૨૯-૭-૨૦૧૧નું જાહેરનામું.

<u>આ મુ ખ .-</u>

શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક સંબંધી લાયકાત નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા : ૧ માં પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષકની નિમણૂંક માટેની શૈક્ષણિક/તાલીમી લાયકાત તથા ગુણાંકન અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇને નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન (N.C.T.E.)ના તા.૨૩/૮/૨૦૧૦ અને તા.૨૯/૭/૨૦૧૧ જાહેરનામાના પરિપ્રેક્ષ્યમાં સુધારો કરવો જરૂરી બનેલ છે, તેથી પુખ્ત વિચારણા બાદ નીચે મુજબનો સુધારો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

<u>સુધારા ઠરાવઃ-</u>

**(૧)** શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-કનો ફકરા : ૧ રદ કરવામાં આવે છે.

૨. **શિક્ષણ વિભાગના તા.૩-૫-૨૦૧૨ના સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-કનો ફકરા-૧(અ) રદ કરીને તેના સ્થાને નીચે મુજબનો ફકરાઃ૧ (અ) ઉમેરવામાં આવે છે.**

૧. **<u>(અ) શૈક્ષણિક અને તાલીમી લાયકાતઃ-</u>**

**(i)** **<u>શૈક્ષણિક લાયકાતઃ</u>** ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ
**(ii)** **<u>તાલીમી લાયકાત :</u>** ઉમેદવાર નીચે મુજબની તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઇએ.

(ક) બે વર્ષ પી.ટી.સી.

અથવા

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.El.Ed.)

(ગ) બે વર્ષનો ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

**3. શિક્ષણ વિભાગના તા.૩-૫-૨૦૧૨ના સુધારા ઠરાવના ફકરા-૧ (બ) પછી નીચે મુજબનો ફકરા-૧ (ક) તથા ફકરા (ડ) ઉમેરવામાં આવે છે.**

(ક) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ – TET) (પ્રાથમિક શિક્ષક) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શક્યતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગયતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવાની મંજૂરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારોએ પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નક્કી કરે તે તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. પરિણામ રજૂ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(ડ) <u>ગુણાંકન પધ્ધતિ :</u>

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી. પાસ થયેલા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

<u>પી.ટી.સી./B.El.Ed./ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)ની</u>

<u>લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :</u>

| | |
|---|---|
| એચ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| સ્નાતક કક્ષાએ મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| પી.ટી.સી./B.El.Ed./ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>નોંધ:</u> પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિક્ષણ વિભાગના તા.૭/૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જસભ/૧૨૦૮/૨૫૮-ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦

ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપર્યુક્ત ટકાવારી ગણવાની રહેશે. વધુમાં રાજ્ય સરકાર તરફથી વખતો વખત નક્કી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

**૪. શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવમાં અપર પ્રાયમરીના કલોઝ (Clause) ફકરાઃ૨ (ડ) પછી નીચે મુજબનો ફકરા-૨ ( A ) ઉમેરવામાં આવે છે.**

**ફકરા – ૨ ( A )**

**(i)** પી.ટી.સી./બી.એડ/ચાર વર્ષીય B.El.Ed. માટે NCTEએ માન્ય કરેલ સંસ્થામાંથી જ કરેલો હોય તો જ માન્ય ગણાશે અને બે વર્ષીય D.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને જ વિચારણામાં લેવામાં આવશે.

**(ii)** બે વર્ષીય D.Ed. (Special Education) અને B.Ed. (Special Education)ની તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો નિમણૂંક પછી NCTE માન્ય કરેલ છ માસમાં પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ મેળવવાની રહેશે.

પ. ઉકત કરેલ સુધારા સિવાય તા.૧૪-૭-૨૦૧૧, તા.૦૩-૦૫-૨૦૧૨ સુધારા ઠરાવ તથા તા.૨૭-૪-૨૦૧૧ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી. ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા